ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૨ ટકા

# રાયસણ ગુડાના આવાસ અનેક સમસ્યાઓથી ઘેરાયેલા



ગાંધીનગર નજીક રાયસણ ગામે ગુડાના સરકારી આવાસો આવેલા છે. આ આવાસમાં હજ્જારો નાગરીકો વસવાટ કરે છે ત્યારે ગુડાના મકાનમાં છેલ્લા કેટલાક સમયથી પાણી લીકેજ તેમજ ગટરો ઉભરાતા ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. ગંદા પાણીના સરોવર સર્જાતા મચ્છરોના ત્રાસથી નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો જોવા મળી રહ્યો છે તો બીજી તરફ પેવર બ્લોક ઉખડી ગયા છે. જેમ તેમ કરીને લાખો રૂપીયા ભરીને મકાન મેળવેલા વસાહતીઓની રજુઆત ગુડા તંત્ર કયારે સાંભળશે તે હવે જોવું રહ્યું ..ત્યારે ગુડાના મકાનોની સમસ્યાનો સત્વરે ઉકેલ આવે તેવી મીટ માંડીને નાગરીકો બેઠા છે.

## એપોલો સર્કલ નજીકથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી સ્કોડા ગાડી પકડાઈ




### સ્કોડા ગાડીમાં દારૂ-બિયરની હેરાફેરી કરતા બે શખ્સોને અડાલજ પોલીસે દબોચી લીધા : ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૨

અડાલજ પોલીસને રાત્રે બાતમી મળી હતી કે રાજસ્થાનથી દારૂ-બિયરનો જથ્થો ભરીને એક સ્કોડા ગાડી પેથાપુર થઈને એપોલો સર્કલ થઈ અમદાવાદ જવાની છે. આ બાતમીના આધારે પોલીસની ટીમે એપોલો સર્કલથી ભાટ રોડ પર વોચ ગોઠવીને બાતમીવાળી દારૂની હેરાફેરી કરતી સ્કોડા ગાડી પકડી પાડી હતી. વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી સ્કોડા ગાડી સાથે અમદાવાદના બે શખ્સોને અડાલજ પોલીસે દબોચી લીધા હતા. ગાડી સહિત ત્રણ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે આ માલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહિતની ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

અડાલજ પીઆઇ જે.જી.વાઘેલાની સુચનાથી તેમની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી.

પી.એસ.આઈ.એ.જી. એનુરકાર તથા તેમની ટીમને હેડ કોન્સ્ટેબલ કેવલસિંહ, કોન્સ્ટેબલ આશિષસિંહ, જયરાજસિંહ સહિતના સ્કવોડના માણસો પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન સર્વેલન્સ સ્કવોડના હેડ કોન્સ્ટેબલ કેવલસિંહને ખાનગી બાતમી મળી હતી કે સ્કોડા ગાડી નંબર જીજે ૧૮ એસી ૫૩૪૦ રાજસ્થાનથી વિદેશી દારૂનો જથ્થો ભરીને પેથાપુર થઈ એપોલો સર્કલ થઈને અમદાવાદ તરફ જવાની છે. આ બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમ એપોલો સર્કલ થી ભાટ કોટેશ્વર રોડ ઉપર વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમીવાળી કાર પસાર થતાં તેને પકડી પાડવામાં આવી હતી. કારમાં તપાસ કરતા અંદરથી ૨૭૯ નંગ વિસ્કીની બોટલ અને ૯૮ નંગ બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. અડાલજ પોલીસે રૂ.૪૫૫૭૮ ને કિંમતનો દારૂ બિયર અને અઢી લાખની ગાડી મળી કુલ રૂ. ૨.૯૬ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી અમદાવાદના બે શખ્સોને દબોચી લીધા હતા. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અનિલ રાજેન્દ્રકુમાર પંડયા અને અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા અંકેશ રાજુ પરમાર નામના બંને શખ્સોની ધરપકડ કરી લઈ આ બંને શખ્સો ક્યાથી માલ લાવ્યા હતા અને કયાં પહોંચાડવાના હતા તે સહિતની વિગતો બહાર લાવવા સઘન ઈન્ટ્રોગેશન શરૂ કર્યું છે.

## બીસીએ કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'સ્વાગતમ્' નું આયોજન



ગાંધીનગર, તા.૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝમાં **BCA**માં નવા વર્ષે સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે આવકાર સમારંભ "સ્વાગતમ્"નું આયોજન શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આજે સામાન્ય રીતે ટેકનીકલ અભ્યાસક્રમ કરવા માટે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ એન્જીનીયરીંગમાં કે બી.સી.એ.માં પ્રવેશ મેળવતા હોય છે પરંતુ જે વિદ્યાર્થીઓ ધો.૧૨માં સામાન્ય પ્રવાહ પસંદ કરતા હોય છે તેઓને બી.સી.એ.ના અભ્યાસક્રમ દ્વારા ટેકનીકલ શિક્ષણ મેળવવાની તક મળે છે. વિદ્યાર્થીઓ માટેના આ કોલેજકાળ-સુવર્ણકાળ દરમ્યાન તેમનામાં રહેલી આંતરિક શક્તિઓ બહાર આવે અને તેનો વિકાસ થાય તે એટલું જ જરૂરી હોય છે અને તેથી કોલેજ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારતા "સ્વાગતમ્" કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેતુ આ કાર્યક્રમમાં કોલેજના ૧૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ વિવિધ ભારતીય કલાને પ્રદર્શિત કરતાં વિવિધ નૃત્યો, ગીતો, મિમિક્રી, માઈમ, થીમ શો, ફની ડાન્સ, સ્પેશિયલ પર્ફોર્મન્સ વગેરે જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. આ તમામ વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમને જાતે જ ગોઠવી, પ્રદર્શિત કરીને પોતાનામાં રહેલી મેનેજમેન્ટ કરવાની શક્તિઓને પણ પિછાણી હતી. સાથે સાથે ટીમ વર્ક કરીને બીપીસીસીએસ-બીસીએ એક પરિવારની ઉક્તિને ચરિતાર્થ કરી હતી. આ સ્પર્ધાની સાથે સાથે કોલેજમાં ચાલુ વર્ષે પ્રવેશ મેળવેલ નવા વિદ્યાર્થીઓ માટે ખુબજ ફેવરિટ એવી **Mr.** અને **Ms. BPCCS** સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩ રાઉન્ડમાં વહેંચાયેલી આ સ્પર્ધામાં રેમ્પ વોક, ટેલેન્ટ રાઉન્ડ અને પ્રશ્નોતરી રાઉન્ડના અંતે કુલ ૨૦ પ્રતિસ્પર્ધીઓમાંથી ભાર્ગવ દેસાઈ અને ક્રિષ્ના આચાર્યને અનુક્રમે **Mr. BPCCS** અને **Ms. BPCCS** તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રો. રાકેશ ભટનાગર અને ક્રિષ્ના પટેલે સેવાઓ આપી હતી. ''સ્વાગતમ'' કાર્યક્રમને કોલેજના ૧૦૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ માણ્યો હતો. કોલેજના ડિરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. મોનિકા પટેલ, પ્રો. રીમા શેલત અને પ્રો. મેઘા ભટ્ટ દ્વારા આ કાર્યક્રમને સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો અને તમામ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

### વાતવાતમાં

● શહેરમાં ફરી વરસાદે હાથ તાળી આપતા રજાના દિવસે વરસાદની મોજ માણવાની ખેવના નગરજનોએ મનમાં જ સમાવી દેવી પડી હતી.

## સે-૬ અપના બજાર પાસેથી મોબાઇલ ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ ખાતે આવેલા અપના બજાર પાસેથી ગાંધીનગર એલસીબીની ટીમે એક શખ્સને પકડી પાડયો હતો તેની ઊંડી પૂછપરછ કરતા મોબાઈલ ચોર હોવાનું બહાર આવ્યું છે. આદીવાડા વિસ્તારમાં રહેતો આ શખ્સ થોડા સમય પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાસે ઊભો હતો તે દરમિયાન તેણે એક મોબાઈલની ઉઠાંતરી કરી હોવાનું ઈન્ટ્રોગેશનમાં બહાર આવ્યું છે. ચોરી કરેલો તે મોબાઈલ પણ ગાંધીનગર એલસીબીની ટીમે રિકવર કરી તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે.ડી પુરોહિતની સૂચનાથી તેમની ટીમ ચોરો પકડવા સક્રિય થઈ છે ત્યારે આજે પી.એસ આઈ એમ.જે.સિંદે તથા તેમની સ્કવોડ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જયવિરસિંહને મળેલી બાતમીને આધારે સેક્ટર-૬ ખાતે અપના બજાર પાસે ટીમ પહોંચી હતી. એક શકમંદ ચોરીના મોબાઈલ સાથે ફરતો હોવાની બાતમી તેમને મળી હતી. અપના બજાર પાસે જઈને શકમંદને પકડી તને તલાશી લેતા તેની પાસેથી એક મોબાઈલ મળી આવ્યો હતો જેનુ તેની પાસે કોઈ બિલ ન હતુ. મૂળ વિજાપુર તાલુકાના રામપુર કોટ વિસ્તારમાં રહેતા અને હાલ આદીવાડા ખાતે કલ્પતરુ પાસે રહેતા મિતેશ શિવા પરમાર નામના આ શખ્સની મોબાઈલ અંગે ઉંડી પૂછપરછ કરવામાં આવતા તેણે કબૂલાત કરી છે કે આ મોબાઈલ તેણે થોડા સમય પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી ચોરી કર્યો હતો. મોબાઈલ પોતે ચોરી કર્યો હોવાની કબુલાત કરતા ગાંધીનગર એલસીબીની ટીમે ચોરીના મોબાઈલ રિકવર કરી આરોપી મિતેશની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ તેને અગાઉ પણ કોઈ ગુનાઓ આચર્યા છે કે કેમ તેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ચિરવિદાય

- સ્વ. લીલાબેન સાદુરભાઈ ભરવાડ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર માલાજી બાપુજી, ઉ.વ. ૭૫
- સ્વ. મંગુબેન બબલદાસ ચૌહાણ, ઉ.વ. ૯૩
- સ્વ. જીવીબેન સોમાભાઈ મેસરીયા, ઉ.વ. ૬૮

# સ્વસ્થ અને સંસ્કારી જીવનની 'આર્ટ'નું સિંચન કરતું ગાંધીનગરનું યુગલ

### છેલ્લા ૧૫ વર્ષથી આર્ટ ઓફ લિવિંગ થકી સુરેશભાઈ પરમાર અને મીનાબેન પરમાર યોગ-પ્રાણાયામ-સુદર્શન ક્રિયાની તાલીમ આપવાનું કાર્ય કરી રહ્યા છે : આયુર્વેદિક કુકીંગ થકી આહાર અને બાલ સંસ્કાર કેન્દ્ર થકી નવી પેઢીમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન કરવા બંને પ્રતિબધ્ધ

ગાંધીનગર, તા.૨૨

તાજેતરમાં તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ ધામધૂમથી ઉજવાયો અને ફરી એકવાર સ્વાસ્થ્યની જાળવણી માટે ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ સમા યોગ-પ્રાણાયામના ગુણગાન ગવાયા. આધુનિક યુગમાં અનેક યોગ ગુરૂઓએ યોગ-પ્રાણાયામને સામાન્ય વ્યકિત સુધી પહોંચાડવા ખૂબ યોગદાન આપ્યું છે. જેમાં બાબા રામદેવ અને શ્રી શ્રી રવિશંકર વગેરેનું નામ કદાચ મોખરે આવે છે. જો કે આ યોગ ગુરૂઓએ આરંભેલી આ જયોતને જન જન સુધી પહોંચાડવા અનેક સાધકોએ તેમની સાથે જોડાઈને અમૂલ્ય સેવાઓનું સિંચન કર્યું છે. ગાંધીનગરમાં આર્ટ ઓફ લીવીંગના આશરે ૫૫ જેટલા પ્રશિક્ષકો સુદર્શન ક્રિયા સહિત વિવિધ યોગ-પ્રાણાયામના કોર્સને સામાન્ય માનવીના જીવનનો હિસ્સો બનાવવા કાર્યરત છે તેમાં ૧૫ વર્ષથી એક યુગલનું યોગદાન નોંધપાત્ર રીતે આ ક્ષેત્રે સેવાઓ પ્રદાન કરી એક સ્વસ્થ સમાજના નિર્માણમાં પ્રસંશનીય ફાળો અર્પણ કરી રહ્યું છે.

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં હાલ નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ પરમાર અને તેમના પત્નિ મીનાબેન પરમારની બેલડી શહેરમાં અનેક નાગરિકોને હેપ્પીનેસ પ્રોગ્રામ કે ઉત્કર્ષ યોગ




જેવા કાર્યક્રમો થકી તેમજ બાળકોને બાલચેતના કે નવ ચેતના શિબિર દ્વારા સુખમય સ્વાસ્થ્ય સાથે નિરોગી જીવન ઉપરાંત માનસિક અને આધ્યાત્મિક શાંતિના માર્ગે આગળ વધવા મદદરૂપ થઈ રહ્યા છે. મૂળ દેત્રોજ ગામના વતની એવા સુરેશભાઈ સરકારી નોકરી કરતા જીવણલાલ અને ગૃહિણી પાર્વતીબેનના ચાર સંતાનોમાં સૌથી મોટા છે. મોસાળ કલોલમાં તેમનો જન્મ થયો અને પિતાની નોકરીના કારણે અમદાવાદની દરિયાખાન ઘુમ્મટ ખાતેની ગર્વમેન્ટ એ કોલોનીમાં વસવાટ હોવાથી ત્યાં મ્યુનિસિલ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા પછી સુરેશભાઈએ પોતાના ગણિતના શિક્ષકની પ્રેરણાથી જામનગરની બાલાછડી ખાતેની સૈનિક સ્કૂલમાં પ્રવેશ મેળવી ત્યાં ભારતીય સૈન્યમાં જોડાવાના ઈરાદે માધ્યમિક શિક્ષણ મેળવ્યું. આ દરમિયાન ધો-૯માં હતા ત્યારે પીટીના તાસ દરમિયાન પુશઅપ બાર પર વ્યાયામ કરતા હાથ છટકી જતાં તેમનું સપનું અને હાથ બંને તુટી ગયા હતા. શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે એલ.ડી. એન્જિનીયરીંગમાંથી સિવિલ એન્જિનીયરીંગ કર્યું. આ સમયે હોસ્ટેલના રૂમ પાર્ટનરના ભાઈના મિત્ર જે ઓશોના સન્યાસી હતા તેના પરિચયમાં આવી ઓશોના પ્રવચનો સાંભળવાનું ચાલુ કર્યું હતું. આ સાથે જે. કૃષ્ણમૂર્તિના પુસ્તકોનું વાંચન પણ કરતા હતા. એકવાર પૂણેના ઓશો આશ્રમમાં જઈ તેમને રૂબરૂ સાંભળી આવ્યા પછી તેમાં વધુ ઊંડા ઉતર્યા હતા. આ દરમિયાન તેમને ગાંધીનગર ખાતે માર્ગ મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી



પ્રાપ્ત થઈ પછી અહીં રહેવા આવ્યા અને વિધાનસભા સામે સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાના પાછળના ભાગે મિત્રો સાથે ઓશો પ્રેરિત સક્રીય ધ્યાન કરતા હતા.

મીનાબેનનો જન્મ કડીમાં થયો અને તેમણે ત્યાં જ શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા પછી અર્થશાસ્ત્રના વિષય સાથે ગ્રેજયુએશન કર્યુ અને સુરેશભાઈ સાથે લગ્ન કરી ગાંધીનગર સ્થાયી થયા ત્યારે શિશુ વિદ્યામંદિરમાં શિક્ષિકાની નોકરી પ્રાપ્ત કરી હતી. મીનાબેન જયારે ધો-૯માં હતા ત્યારે પીટીની પરીક્ષામાં તેમણે કરેલા ચકાસનથી શિક્ષક ખૂબ પ્રભાવિત થયા હતા. આથી તેઓ નિયમિત યોગાસન કરતા હતા. શિશુ વિદ્યામંદિરમાં પણ તેઓ બાળકોને યોગાસનો કરાવતા રહેતા. આ કારણે તેમને અનેક વ્યકિતની પ્રસંશા અને પ્રોત્સાહન મળતા હતા જેનાથી પ્રેરિત થઈ તેમણે ગૂજરાત વિદ્યાપીઠનો પોસ્ટ ગ્રેજયુએશન ડિપ્લોમા ઈન યોગ વિદ્યા કોર્સ કર્યો. એકવાર સે-૧૭માં હેલિપેડ ખાતેના ડૉમમાં વર્ષ ૨૦૦૦માં યોજાયેલા ફનફેરમાં આર્ટ ઓફ લિવીંગના સ્ટોર પર લગાડાયેલી શ્રી શ્રી રવિશંકરની તસવીરથી આકર્ષિત થઈ આ યુગલે પુછપરછ કરી અને તેમનો હેપ્પીનેસ કોર્સ કર્યો. આ પછીના સપ્તાહમાં મહાશિવરાત્રિ નિમિત્તે અમદાવાદના સ્ટેડિયમમાં શ્રી શ્રીને રૂબરૂ જોયા અને લાઈવ સુદર્શન ક્રિયા કરી ત્યારથી આ માર્ગે આગળ વધવાનો નિર્ણય કરી લીધો. બંનેએ પછી એડવાન્સ કોર્સ સહિતના અન્ય કોર્સ કરી પ્રશિક્ષક બનવા માટે માણસા તાલુકામાં સ્વસહાય જુથો ઉભા કરવાની જવાબદારી સ્વીકારી. માણસા તાલુકાના તમામ ગામોમાં સાંજથી મોડી રાત્રિ સુધી નિયમિત જઈને નવચેતના શિબિરો કરી અને તેમની ટીમે ઉભા કરેલા ૧૦૦ સ્વસહાય જુથોમાં તેમના બનાવેલા ૧૩ જુથોનો ફાળો આપ્યો. આ પછી તેમણે બેંગ્લોરમાં ટ્રેનિંગ લઈ એક વર્ષ મદદનીશ તરીકે કાર્ય કર્યા બાદ શ્રી શ્રીના હસ્તે વર્ષ ૨૦૦૩માં પ્રશિક્ષક તરીકે પસંદગી પામ્યા પછી ગાંધીનગરમાં આર્ટ ઓફ લિવિંગની પ્રવૃત્તિઓને ખૂબ સક્રીય રીતે આગળ વધારી અને કેન્દ્રને ધમધમતું કરવામાં વિશેષ યોગદાન આપ્યું. મીનાબેને આ દરમિયાન અન્ય એક ખાનગી સ્કૂલમાં નોકરી કર્યા પછી પોતાના પુત્રના અભ્યાસને કારણ નોકરી છોડી દીધી પરંતુ સુદર્શન ક્રિયાના પ્રશિક્ષક ઉપરાંત આયુર્વેદિક કુકીંગનો અભ્યાસ કરી ઝીરો ઓઈલ કુકીંગની તાલીમ મહિલાઓને આપવાનું શરુ કર્યું. આયુર્વેદિક કુકીંગમાં ભારતમાં તે સમયે આર્ટ ઓફ લિવિંગના આઠ અને હાલ માત્ર ૬૦ પ્રશિક્ષક છે જેમાંથી ગુજરાતમાં માત્ર પાંચ જ છે જેમાં તેમનો સમાવશ થાય છે અત્યારે તેઓ નેચરોપથીનો અભ્યાસ કરી રહ્યા છે.

સુરેશભાઈ પરમાર અને મીનાબેન પરમારના આર્ટ ઓફ લિવિંગના સક્રિય યોગદાન થકી અસંખ્ય નાગરિકોએ યોગ-પ્રાણાયામનો માર્ગ અપનાવ્યો તેમની શિબિરોના કારણે એક સોફટવેર એન્જિનીયરની ડ્રાય થઈ ગયેલી આંખોમાં પુનઃ નીર આવ્યા તો એક યુવાનની રસોળી વગર ઓપરેશને ઓગળી ગઈ, એક યુવાને આત્મહત્યાનો નિર્ણય બદલી નાંખ્યો તો ફેફસાનું કેન્સર ધરાવતા એક વ્યકિતને વગર ઓપરેશને સારું થઈ ગયું. આવા તો અનેક કિસ્સા તેમના ભાથામાં ઉમેરાયા છે અને હાલ આ યુગલ ગાંધીનગરમાં નવી પેઢીમાં ભારતીય સંસ્કારોનું સિંચન કરી તેના મૂળીયા ઊંડા કરવા બાલસંસ્કાર કેન્દ્રોનો વિકાસ કરવા પ્રયાસ કરી રહી છે. ગાન-ધ્યાન અને જ્ઞાન સાથે સત્સંગ કરાવતા આ યુગલને ગાંધીનગરમાં એક આયુર્વેદિક ભોજન મળે તેવી રેસ્ટોરન્ટ અને યોગ-પ્રાણાયામ તથા સુદર્શન ક્રિયા નિયમિત થઈ શકે તેવું વેલનેસ સેન્ટર ચાલુ કરી સ્વસ્થ અને સુદૃઢ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવું છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com